**ક્રિમીનલ કેસ નં.૮૦/ ૨૦૨૦**

## <u>આંક–૧૧૧ ની અરજી તળે હુકમ</u>

(૧) આંક–૧૧૧ થી અરજદારે (આરોપી નં.૦૧ પીયુષ તરૂણકુમાર પાયઘોડે) Crpc કલમ–૨૩૯ મુજબ ડીસ્ચાર્જ અરજી કરી પોતાને નિઝર પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર.નં .૨૦/૨૦૧૯,ઈ.પી.કો ક.૪૦૬,૪૦૮,૪૦૯,૪૨૦,૪૬૮,૪૭૧,૪૭૭ (ક) અને ૧૧૪ મુજબ ના ગુના માંથી બીન તહોમત છોડી દેવા રજુઆત કરેલ છે.

આરોપી અરજદારની હાલની અરજી ની હકીકતો ટુંકમાં જોતા અરજદાર પોતાની રજુઆત કરી જણાવે છે કે, આરોપી સામે પ્રોસીકયુશન ચાલવવા માટે યોગ્ય સત્તા અધિકારી પાસે થી મંજુર મળેલી ન હોય Crpc કલમ–૧૯૭ નો બાધ નડતો હોય, ગુનાનું કોગ્નીઝેન્સ લઈ શકય નહીં. અરજદાર પોતાની રજુઆતમાં જણાવે છે કે, નામ.ગુજરાત હાઈકોર્ટે,૨૦૦ કેટલ શેડ માંથી ૧૯૮ કેટલ શેડનું નિર્માણ થઈ ગયેલ હતું તેવો પોલીસ અધિકારી નો રીપોર્ટ આરોપીને આગોતરા જમીન ઉપર મુકત કરતા સમય ધ્યાને લીધેલ છે.વધુમાં અરજદાર પોતાની રજુઆત કરતા જણાવે છે કે,તપાસ અધિકારી દ્રારા ૨૦૨૧ ના વિભાગીય તપાસ કેસ નં. ૮૩ માં તારીખ–૨૪/૧૧/૨૦૨૧ ના અહેવાલ તૈયાર કરેલ જે અહેવાલ વંચાણે લેતા આરોપીએ કહેવાતો ગુનો કરેલ ન હોય હાલ ના ગુનાના કામે બિન તહોમત છોડવા માટે વિનંતી કરેલ છે. અરજદાર પોતાની અરજી સાથે તારીખ ૧૩/૦૮/૨૦૨૧ નો હુકમ, તારીખ ૧૮/૦૭/૨૦૨૨ નો હુકમ,તારીખ ૨૦/૦૩/૨૦૨૪ નો હુકમ, એફ.આઈ.આર ની નકલ, તા.૨૪/૧૦/૨૦૧૯

ના રોજ નામ.હાઈકોર્ટ ઓફ ગુજરાત ના ઓર્ડર C.R.M.A NO.૧૫૨૪૭/૨૦૧૯ ની નકલ, ચાર્જશીટ ની નકલ, નામ.સેશન્સ કોર્ટ ની ક્રિમીનલ રીવીઝન અરજી નં.૨૪/૨૦૨૧ ની નકલ,તા.૨૪/૧૧/૨૦૨૧ નો રીપોર્ટ ની સાથે તા.૦૧/૦૩/૨૦૨૧ અને ૨૮/૦૧ /૨૦૨૧ ની નકલ, મનરેગા ગાઈડલાઈન ની નકલ,તા.૨૩/૧૦/૨૦૧૯ ના ઓર્ડર ની નકલ તથા પોતાની અરજી ના સમર્થનમાં આંક–૧૨૮ થી એફીડેવીટ ઈન રીજોઈન્ડર,ઉમેશ ગોપીચંદ ગોયેલ એન્ડ ૨ અર્ધસ વી. સ્ટેટ ઓફ ગુજરાત એન્ડ ૧ અર્ધસ નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ની ક્રિમી.અપીલ નં.૪૫૮/૨૦૨૦ ની નકલ,ઈન્દ્રાદેવી એન્ડ અર્ધસ વી.સ્ટેટ ઓફ રાજસ્થાન એન્ડ અર્ધસ ની નકલ,નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ની ક્રિમી.અપીલ નં.૧૮૬૭/૨૦૧૨ ની નકલ,નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ની ક્રિમી.અપીલ નં.૧૩૫૯/૨૦૧૭ ની નકલ રજુ કરેલ છે.

(૨) આંક–૧૨૪ થી ફરીયાદ તર્ફે વિ.એ.પી.પી દ્રારા આરોપીની આંક–૧૧૧ ની ડીસ્ચાર્જ અરજી નો જવાબ રજુ કરવામાં આવે છે. જેમાં તેમણે આરોપીની હાલની આંક–૧૧૧ ની અરજીની હકીકતો ખોટી અને ગેરમાર્ગે દોરવા માટેની હોઈ તથા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો ક.૪૦૬,૪૦૮,૪૦૯,૪૨૦,૪૬૮,૪૭૧,૪૭૭ (ક) અને ૧૧૪ મુજબનો ગુનો નોધાયેલ હોય,આરોપીની આંક–૧૧૧ ની ડીસ્ચાર્જ અરજી રદ કરવા રજુઆત કરેલ છે. ફરીયાદ પક્ષે પોતાના જવાબ ના સમર્થનમાં અધિક પોગ્રામ કો–ઓડીનેટર–વ–નિયામકશ્રી,જિલ્લા ગ્રામ વિકાસ એજંન્સી તાપી તા.૧ ૨/૦૬/૨૦૧૯ ના હુકમ નં.જિ.ગ્રા.વિ.એ/મનરેગા/સદગવાણ/ફોજદારી/કેસ/વશી ૧ ૦૩૧ થી ૧૦૩૫/૧૯ તથા ૧૨/૦૬/૨૦૧૯ ના હુકમ ની ઝેરોક્ષ નકલ,

જે.સી.ગીલહોતદરા વિ.યુનિયન ટેરીટરી ચંદીગઢ,પ્રદિપ નિરંકરનાથ શર્મા વિ.સ્ટેટ ઓફ ગુજરાત અને સી.કે જાફર શરીફ વિ.ધ સ્ટેટ ચુકાદાઓની નકલો રજુ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર આરોપીની આંક–૧૧૧ ની ડીસ્ચાર્જ અરજી તથા આંક–૧૨૮ થી રજુ કરવામાં આવેલ એફીડેવીટ ઈન રીજોઈન્ડર તથા તેની સાથે રજુ થયેલ દસ્તાવેજી આધારો તથા ફરીયાદ પક્ષે આંક–૧૨૪ થી રજુ થયેલ જવાબ તથા તેની સાથે રજુ થયેલ દસ્તાવેજી આધારો વંચાણે લીધા તથા બન્ને પક્ષો ની દલીલો સાંભળી

(૪) આ કામમાં ગુનાની હકીકત ટુંકમાં જોતા ઈ.પી.કો ક.૪૦૬,૪૦૮,૪૦૯,૪૨૦,૪૬૮,૪૭૧,૪૭૭ (ક) અને ૧૧૪ મુજબ મોજે સદગવાણ ગામ ગ્રામ પંચાયત તા.કુકરમુન્ડા જી.તાપી ખાતે મનરેગા યોજના હેઠળ થયેલ ૨૦૦ કેટલ શેડના કામોની વહીવટી મંજૂરી તા.૨૭/૧૧/૨૦૧૮ ના રોજ આપેલી હતી. અને તા.૨૮/૧૧/૨૦૧૮ ના રોજ F.T.O (ફંડ ટ્રાન્સફર ઓર્ડર) કરતા પહેલા ચેક લખી કુલ ૮૪,૭૬,૦૦૦/– રૂપિયા ની ચુકવણી કરી ૦૨–દિવસ ના સમય ગાળામાં માત્ર ૦૯ કેટલ શેર્ડના કામો પુર્ણ થયેલ અને ૧૯૧ કામો શરૂ ન કરેલ હોવા છતા કામો પુર્ણ થયા હોવાનું પ્રમાણપત્ર બનાવી ખોટા માપો રેકર્ડ કરી તથા કામ પુર્ણ થયા હોવાનો ખોટા હીસાબો બનાવી મનરેગા યોજના હેઠળ મંજુર થયેલ કુલ ૮૦,૯૪,૦૦૦/– રૂપીયાની ઉચાપત કરી રાજય સરકારના નિમાયેલ કર્મચારીઓ તથા કરાર અધારીત કર્મચારીઓએ એક બીજાની મદદગારી કરી સરકારશ્રી સાથે ગુનાહીત વિશ્વાસઘાત કરી છેંતરપીંડી કરી ગુનો કરેલ હોય, આરોપી સામે ઈ.પી.કો ક.૪૦૬,૪૦૮,૪૦૯,૪૨૦,૪૬૮,૪૭૧,૪૭૭ (ક) અને ૧૧૪ મુજબનો ગુનો નોંધવામાં

આવેલ છે. હાલના ગુનાના કામે હાલના આરોપીએ અત્રેની કોર્ટમાં ડીસ્ચાર્જ અરજી દાખલ કરેલી જે તારીખ ૧૩/૦૮/૨૦૨૧ ના રોજ નામંજુર કરવામાં આવેલ હતી. તે હુકમની વિરૂધ્ધ આરોપીએ ફોજદારી પરચુરણ અરજી નં.૨૪/૨૦૨૧ થી નામ.સેશન્સ કોર્ટમાં દાખલ કરેલી જે તા.૧૮/૦૭/૨૦૨૨ ના રોજ નામંજુર કરવામાં આવેલ હતી. જે હુકમની વિરૂધ્ધ આરોપીએ નામ.ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.ક્રિમીનલ અરજી નં.૯૫૭૪/૨૦૨૨ થી અરજી કરેલ જેમાં તારીખ ૨૦/૦૩/૨૦૨૪ ના રોજ નામ.ગુજરાત હાઈકોર્ટએ નીચે મુજબનો હુકમ કરેલ છે. **" Learned Senior counsel considering the position of the applicant has raised the issue that prior sanction for prosecution as contemplated under section 197 of Cr.P.C has not been produced by the state before the trial court,and therefore, the trial court could not have taken the cognizance. On perusal of the observations and findings of the court below, the issue of sanction as raised herein having not been dealt with on merits by both the courts. In Such Circumstances, pending the application,liberty is reserved in favour of the applicant to raise the issue of sanction before the trial court. As and when the application is filed, the trial court concerned shall decide the same on its own merits in accordance with law.** નામ.ગુજારત હાઈકોર્ટના આ હુકમના અનુસંધાને હાલની ડીસ્ચાર્જ અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

ડીસ્ચાર્જ અરજી નો નિર્ણય કરતા સમય પોલીસ રીપોર્ટ અને તેની સાથે રજુ થયેલ દસ્તાવેજી આધારોને ધ્યાને લેવાના હોય છે. આ ગુનાના કામે તપાસ કરનાર

અધિકારી દ્રારા ચાર્જશીટ સાથે સુચીપત્ર,ફરીયાદી કનૈયાલાલ અમરસીંગ વસાવાની લેખીત ફરીયાદ તથા તેનું વિશેષ નિવેદન,ગુનાવાળી જગ્યાનું પંચનામું,સાહેદના નિવેદનો,આરોપીઓના નિવેદનો તથા ગુનાના કામે ફરીયાદએ દસ્તાવેજી પુરાવા ઓ રજુ કરેલા છે. જે પૈકી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી–તાપી, ૧૦૧૦/૧૦૧૪/૧૯ તા.૧૦/૦૬/૨૦૧૯ ના હુકમ મુજબ હાલ ના આરોપી સામે પોલીસ ફરીયાદ દાખલ કરવા તાલુકા વિકાસ અધિકારી,કુકરમુન્ડા ને અધિકૃત કરવામાં આવેલ છે. આરોપી દ્રારા રજુઆત કરવામાં આવે છે કે તા.૦૭/૦૭/૨૦૧૯ ના રોજ એફ.આઈ.આર રજી.કરવામાં આવેલી જેના માટે તાલુકા વિકાસ અધિકારીને અધિકૃત કરવામાં આવેલ છે.પરંતુ ચાર્જશીટ ફાઈલ કરતા પહેલા આરોપી સામે પ્રોસીકયુશન ચલાવવાની પરવાનગી આ કામે રજુ થયેલ નથી કામે આરોપી તર્ફે એનેક્ષર–આઈ થી મહાત્મા ગાંધી નેશનલ રૂરલ ઈમ્પ્લોયમેન્ટ ગેરન્ટી એકટ,૨૦૦૫ તથા ખાતાકીય તપાસની કાર્યવાહી માટેની અધતન માર્ગદર્શિકા –૨૦૨૦ ની નકલ રજુ કરવામાં આવેલ છે.ખાતાકીય તપાસની કાર્યવાહી માટેની અધતન માર્ગદર્શિકા–૨૦૨૦ ના નિયમ ૦૩ વંચાણે લેતા સરકારી કર્મચારી સામે ફોજદારી કાર્યવાહી (પ્રોસીકયુશન) કરવા અંગેના કેસોમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો/પોલીસ ખાતાની તપાસમાં સરકારી કર્મચારી સામે પ્રોસીકયુશન કરવા માટે પુરતા પુરાવા ઉપલબ્ધ થયા હોય ત્યારે સંબધીત કર્મચારી સામે ફોજદારી કાર્યવાહી (પ્રોસીકયુશન) ની મંજુર આપવા અંગે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો/પોલીસ ખાતા તરફથી દરખાસ્ત કરવામાં આવે છે.સદરહું કર્મચારીને નોકરી માંથી બરતરફ કે  રૂખસત કરવાની સત્તા ધરાવતા હોય, તેવા અધિકારી/સત્તાઅધિકારી જ ફોજદારી કાર્યવાહી(પ્રોસીકયુશન)ની મંજુર આપી શકે આવા અધિકારીએ સરકારી કર્મચારી સામે ફોજદારી કાર્યવાહી (પ્રોસીકયુશન) ની મંજુર આપી હોય તો જ પોલીસ ખાતા દ્રારા સરકારી કર્મચારી સામે ચાર્જશીટ મુકી શકાય આ

કામે આરોપી દ્વારા રજુ કરવામાં આવેલ નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ની ક્રિમી.અપીલ નં .૪૫૮/૨૦૨૦ ના પેરા ૭૯ વંચાણે લેતા **"it is well recognized principle of law that sanction is a legal requirement which empowers the court to take cognizance so far as the public servant is concerned. If at all the sanction is absolute requirement,if takes cognizance it become illegal therefore an order too overcome any illegality the duty of the magistrate is that even at any subsequent stages if the sanction is raised it is the duty of the magistrate to consider"** નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ની ક્રિમી.અપીલ નં.૧૩૫૯/૨૦૧૭ ના પેરા ૧૩ વંચાણે લેતા **"The Court had further observed(SCC pp.218-19,para 24) The question of applicability of Section 197 of the code and the consequential ouster of jurisdiction of the court to take cognizance without a valid sanction is genetically different from the plea of the Accused that the averments in the complaint do not make out an offence and as such the order of cognizance and/ or the criminal proceedings be quashed. In the aforesaid premises we are of the considered opinion that an Accused is not debarred from producing the relevant document materials which can be legally looked into without any formal proof, in support of the stand that the acts complained of were committed in exercise of his juridisction or purported jurisdiction as a public servant in discharge of his official duty thereby requiring sanction of the appropriate authority.** તથા પેરા ૧૫ ના ૩૯.૦૮ વંચાણે લેતા **" Question of sanction may arise at any stage of proceedings. On a Police or**

**judicial inquiry or in course of evidence during trial. Whether sanction is necessary or not may have to be determined from stage to stage and material brought on record depending upon facts of each case. Question of sanction can be considered at any stage of the proceedings. Necessity for sanction may reveal itself on the course of the progress of the case and it would be open to the Accused to place material during the course of trial for showing what his duty was. The Accused has the right to lead evidence in support of his case on merits.**

એફ.આઈ.આર, પ્રોસીકયુશન અને કોગ્નીઝેન્સ ની વ્યાખ્યા વંચાણે લેતા "FIR is a Written document prepared by police when they received information about the commission of a cognizable offence." Prosecution "the act or process of holding the trial aganist a person how is accused of a crime to see if that person is gulty." Cognizance "Indicates the point when a magistrate or a Judge first takes judicial notice of an offences."

આ કામે ફરીયાદ પક્ષે ચાર્જશીટ સાથે આરોપી સામે પોલીસ ફરીયાદ દાખલ કરવા તાલુકા વિકાસ અધિકારીશ્રી કુકરમુન્ડા ને અધિકૃત કરેલ છે તે અંગેનો હુકમ રજુ થયેલ છે. પરંતુ આરોપી સામે પ્રોસીકયુશન ચલાવવા માટે નો હુકમ ફરીયાદ પક્ષે રજુ થયેલ નથી.આ કામ આરોપી પક્ષ તર્ફે તા.૨૮/૦૧/૨૦૨૧ નું રોજકામ રજુ કરવામાં આવેલ છે. જે

વંચાણે લેતા “સદગવાણ ગ્રામ પંચાયત ખાતે વર્ષ–૨૦૧૮/૧૯ માં મનરેગા યોજના અંતર્ગત મંજુર થયેલા ૨૦૦ કેટલ શેડ ની બનાવતની હાલની સ્થિતિ નો અહેવાલ ટીમ દ્રારા આજરોજ તા.૨૮/૦૧/૨૦૨૧ ના સવારે ૧૧–૦૦ કલાક થી સાંજે ૦૬–૦૦ કલાક સુધી કરેલ કામગીરી ના અનુસંધાનમાં જણવાતા હાલ ૨૦૦ કેટલ શેડ પૈકી ૨૦૦ કેટલ શેડ બનેલ હોય જે હાલ હયાત સ્થિતીમાં જોવા મળેલ છે.” આ કામે આરોપી પક્ષ તર્ફે પોતાની અરજી ના સમર્થનમાં એનેક્ષ્ચર–એચ થી ખાતાકીય તપાસ કેસ નં. ૮૩/૨૧ થી આરોપી નં.૦૧ ની ખાતાકીય તપાસ નો અહેવાલ રજુ કરવામાં આવેલ છે. જેના પેરા ૩.૪ ની સમાલોચના વંચાણે લેતા “શ્રી પાયઘોડે સામે એક આરોપ મૂકવામાં આવેલો છે. જે આરોપ નીચે મુજબના ત્રણ ભાગમાં વહેંચવામાં આવેલો છે.

(૧) મોજે સદગવણમાં ૨૦૦ કેટલ શેડના કામો માટે ફંડ ટ્રાન્સફર ઓર્ડર તા.૨૯/૧૧/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે. પરંતુ તેનું ચૂકવણું તા.૨૮/૧૧/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે. આમ ફંડ ટ્રાન્સફર ઓર્ડર કરતાં પહેલા શ્રી પાયઘોડેએ ચેક ઈશ્યુ કરી સરકારની પ્રવર્તમાન માર્ગદર્શિકાનો ભંગ કર્યો હોવાનો તેઓ સામે આરોપ છે.

શ્રી પાયઘોડેએ પોતાના બચાવમાં જણાવેલ છે. તેઓ તા.૨૮/૧૧/૧૮ ના રોજ ઉચ્છલ ખાતે કલેકટર ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ એક મીટીંગમાં હાજર હતા.આમ, તેઓ તા.૨૮/૧૧/૧૮ ના રોજ કુકરમુન્ડા ખાતે ગયેલ ન હતા. પરંતુ ચેક લખતી વખતે હિસાબનીશ દ્રારા તા.૨૯/૧૧/૧૮ લખવાને બદલે તા.૨૮/૧૧/૧૮ લખવામાં આવી હોવાનું જણાય છે.તેઓએ પોતાના બચાવમાં જે તે વખતે તા.૨૮/૧૧/૧૮ ના રોજ ઉચ્છલ ખાતે હાજર હોવા અંગેના કાગળો રજુ કરેલ છે. એટલે શ્રી પાયઘોડેએ કરેલ આ

રજૂઆત દસ્તાવેજોથી સમર્થિત છે આમ, ચેક લખતી વખતે હિસાબનીશ દ્રારા ચેકમાં તા.૨૮/૧૧/૧૮ લખવામાં આવેલ હોવાનું અને શ્રી પાયઘોડેએ તા.૨૯/૧૧/૧૮ ના રોજ સહી કરેલ હોવાનું માનવાનું રહે છે. જો કે,શ્રી પાયઘોડેએ ચેકમાં સહી કરતી વખતે હિસાબનીશ દ્રારા ચેકમાં તા.૨૮/૧૧/૧૮ લખવામાં આવેલ હોવા બાબત ચકાસી નથી તેવું સ્પષ્ટ થાય છે. પરંતુ આ બાબતે આરોપમાં કોઈ ઉલ્લેખ નથી.આમ શ્રી પાયઘોડેએ ફંડ ટ્રાન્સફર ઓર્ડર પહેલા ચેક ઈશ્યુ કરેલ હોવાની બાબત પુરવાર થઈ શકતી નથી. આમ,આરોપનો આ ભાગ નાસબિત માનવાનો રહે છે.

(૨) કુકરમુન્ડા તાલુકાના વિકાસ અધિકારી તરીકે તા.૨૯/૧૧/૧૮ તેઓનો વધારાના હવાલાનો છેલ્લો દિવસ હતો. તે દિવસે તેઓએ એક જ દિવસના સમયગાળામાં ૨૦૦ કેટલ શેડના માલ સામાનના રૂા.૮૪ લાખનું ચૂકવણું કરેલ છે. એક જ દિવસના સમયગાળામાં આ ચુકવણું કરવું એ બાબત વ્યવહારિક દ્રષ્ટિએ શકય ન હોઈ તેઓએ ચકાસણી કર્યા વિના ચૂકવણું કરેલ હોવાનો તેઓ સામે આરોપ છે.

ઉપલબ્ધ કાગળોની વિગતો જોતાં જણાય છે કે મોજે સદગવણમાં ૨૦૦ કેટલ શેડની કામગીરી માટે મળેલ માલ સામાનના માપો જે તે ટેકનિકલ આસિસ્ટન્ટ દ્રારા માપપોથીમાં નોંધવામાં આવેલ છે.અને આ માલ સામાનનું ચૂકવણું તા.૨૮/૧૧/૧૮ ના રોજ કરવામાં આવે છે. શ્રી પાયઘોડેએ પોતાના બચાવમાં જણાવેલ છે કે આ અંગે સિવિલ ઈજનેરીના તજજ્ઞ કર્મચારી દ્રારા માપપોથી નં.૪૬માં માલ સામન મળ્યાના માપો નોંધવામાં આવેલ હતાં અને આ માપો ધ્યાને લઈ તેઓએ આ માલ સામાનનું ચૂકવણું કરેલ છે.આ સંદર્ભમાં ચકાસણી કરતાં જણાય છે કે જે તે વખતે માલ સામાન મળ્યા અંગેના માપપોથી નં

.૪૬માં નોંધવામાં આવેલ માપોને આધારે જ તાલુકા વિકાસ અધિકારી શ્રી પાયઘોડે દ્વારા ચૂકવણું કરવામાં આવેલ છે. પરંતુ આ બાબતે ઉંડાણથી ચકાસણી કરતાં જણાય છે કે વહીવટી મંજુરી મળ્યા બાદ,એક જ ગામના ૨૦૦ કેટલ શેડના કામો માટે માલ સામાન મેળવીને મળેલા માલ સામાનની યોગ્ય ચકાસણી કરવી અને આ માલ સામાન મળ્યા અંગેની વિગતો માપપોથીમાં એક જ દિવસે નોંધવી તે બાબત વાસ્તિવક રીતે શકય જણાતી નથી. આ કામો માટેની વહીવટી મંજુરી તા.૨૭/૧૧/૧૮ ના રોજ મળેલ છે. આ તમામ  કામો માટે એક જ દિવસમાં તમામ માલ સામાન મળી જાય અને તમામ માલ સામાનની ચકાસણી કરીને ટેકનિકલ આસિસ્ટન્ટ એક જ દિવસમાં મેઝરમેન્ટ બુકમાં તેનાં માપો નોંધે અને તાલુકા વિકાસ અધિકારી દ્વારા આ બાબતની ઘટતી ચકાસણી કરીને ચૂકવણું કરી દેવામાં આવે તે વાસ્તિવક રીતે બિલકુલ શકય જણાતું નથી.શ્રી પાયઘોડેએ આ ચૂકવણું મંજૂર કરતાં પહેલાં આ બાબત તેઓએ જોઈ/ચકાસી લેવાની જરૂર હતી. પરંતુ શ્રી પાયઘોડેએ આવી કોઈ વિગતો ચકાસી હોય તેમ જણાતું નથી વધુમાં આરોપમાં જણાવ્યા મુજબ તા.૨૯/૧૧/૧૮ એ શ્રી પાયઘોડેનો કુકરમુન્ડા તાલુકા વિકાસ અધિકારી તરીકે વધારાના હવાલાનો આખરી દિવસ હતો. આથી,આ ચૂકવણું મંજૂર કરતાં પહેલા તેઓએ કોઈ જ ચકાસણી કરી ન હોવાનું અને આવી ચકાસણી કર્યા વિના જ ચૂકવણું મંજુર કર્યુ હોવાનું સાંયોગિક રીતે જણાઈ આવે છે.આમ ૨૦૦ કેટલ શેડના માલ સામાનનું ચૂકવણું કરતી વખતે શ્રી પાયઘોડેએ કોઈ ચકાસણી કરી ન હોવાનો તેઓ સામેના આરોપનો આ ભાગ સાબિત માનવાનો રહે છે.

(૩)  શ્રી પાયઘોડેએ શ્રમિકોના ચૂકવણાં કરેલ નથી અને માલ સામાનનું ચૂકવણું કરી દીધેલ છે. એટલે કે મનરેગા યોજનાની ગાઈડ લાઈન મુજબ શ્રમિકોના ચૂકવણાં પહેલા

કરવાના અને માલ સામાનનું ચૂકવણું પછીથી કરવાની સૂચનાનો ભંગ કરેલ હોવાનો તેઓ સામે આરોપ છે.

આરોપની ચકાસણી કરતાં જણાય છે કે શ્રી પાયઘોડેએ આ કામગીરીમાં માલ સામાનનું ચૂકવણું તા.૨૯/૧૧/૧૮ ના રોજ કરેલ છે. એટલે કે આ કામગીરી વર્ષ ૨૦૧૮–૧૯ ના સમયની હોવાનું સ્પષ્ટ થાય છે. આરોપમાં શ્રી પાયઘોડેએ મનરેગા યોજના ૨૦૧૯–૨૦ ના માસ્ટર સરકયુલરની જોગવાઈ નો ભંગ કર્યો હોવાનો આરોપ મૂકવામાં આવેલ છે. પ્રથમ નજરે જ સ્પષ્ટપણે જણાય છે કે વર્ષ–૨૦૧૯/૨૦ ના કામો માટે આપવામાં આવેલ ગાઈડ લાઈન ૨૦૧૮–૧૯ ના કામોને લાગું પાડી શકાય નહી અને તે સંદર્ભમાં કોઈની જવાબદારી નકકીએ કરી શકાય નહીં.આમ શ્રી પાયઘોડે સામે મૂકવામાં આવેલ આરોપ ટેકનીકલી ભૂલભરેલો હોવાનું પ્રથમ નજરે જ જણાતું હોઈ તેઓ સામેના આરોપનો આ ભાગ નાસાબિત માનવાનો રહે છે.આમ, ખાતાકીય તપાસ અહેવાલમાં તપાસ અધિકારીએ ૨૦૦ કેટલ શેડ ના માલસામાનું ની ચૂકવણી કરતી વખતે હાલના અરજદાર આરોપીએ ચકાસણી કરેલ નથી તેવું સંયોગિક રીતે માનેલ છે પરંતુ યોગ્ય અને સચોટ પૂરાવાઓથી માનેલ નથી આ સીવાય અન્ય આરોપો ખાતાકીય તપાસ અધિકારીએ નાસાબિત માનેલ છે.

આમ, આરોપીની હાલની અરજી તથા તેની સાથે રજુ થયેલ દસ્તાવેજી આધારો,ફરીયાદ પક્ષે રજુ થયેલ ચાર્જશીટ તથા તેની સાથે રજુ થયેલ દસ્તાવેજી આધારો તથા Crpc કલમ–૧૯૭ વંચાણે લેતા આરોપી સામે પ્રોસીકયુશન ચલાવવા નો હુકમ રજુ થયેલ ન હોય જેથી આરોપી સામે ગુનાનું કોગ્નીઝેન્સ લઈ શકાય તેમ ન હોય હાલના

અરજદાર આરોપી પીયુષ તરૂણકુમાર પાયઘોડેની બીનતહોમત છોડી મૂકવાની અરજી મંજુર કરી  હાલના અરજદાર આરોપી પીયુષ તરૂણકુમાર પાયઘોડે ને બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

હુકમ આજ તા.૩૧/૦૭/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ ૩૧/૦૭/૨૦૨૪**
**સ્થળઃ નિઝર.**

**અશ્વિનકુમાર મોહનલાલ શુકલા**
**Judge code–GJ 01364**
**જ્યુ.મેજી.ફ.ક., તા.નિઝર, જી.તાપી**